વાસીલી
સુખોમ્લીન્સ્કી

ગાતું પીંછું



વાસીલી
સુખોમ્લીન્સ્કી

ગાતું પીંછું



ચિત્રો વાસીલી શુલ્જેન્કો

'રાદુગા' પ્રકાશન
મોસ્કો

પીપલ્સ બુક હાઉસ
ઘીકાંટા ચાર રસ્તા, રીલીફ રોડ
અમદાવાદ–૩૮૦૦૦૧

મારે કંઈક કહેવું છે

શાળાની શિક્ષિકા કાતેરીના ઈવાનોવ્ના વર્ગનાં નાનાં બાળકોને ખેતરમાં લઈ ગઈ. શરદના આરંભની શાંત સવાર હતી. આકાશમાં દૂર પ્રવાસી પંખીઓનું ટોળું ઊડી રહ્યું હતું. તેમના ધીમા કલરવથી ખેતરોમાં ગમગીની છવાઈ ગઈ હતી.

કાતેરીના ઈવાનોવ્ના બાળકોને કહી રહી હતી:

“આજે આપણે પાનખર ઋતુનાં આકાશ અને પ્રવાસી પંખીઓ વિષે નિબંધ લખીશું. તમારામાંથી દરેકે જણાવવાનું છે કે આકાશ કેવું લાગે છે. જુઓ, બાળકો, ધ્યાનથી જુઓ! માતૃભાષામાં તમારા પોતાના સચોટ સુંદર અને ચોક્કસ શબ્દો શોધીને તેનું વર્ણન કરો.”

બાળકો શાંત થઈ ગયાં. તેઓ આકાશને નીરખતાં વિચારવા લાગ્યા. થોડીક પળોમાં ભૂલકાંઓની પહેલી રચનાઓ સંભળાવા લાગી.

“આકાશ છે ભૂરું ભૂરું...”

“આકાશ નીલું આછેરું...”

“આકાશ નિર્મળ મઝાનું...”

“આકાશ જાંબલી દેખાતું...”

અને એમ બાળકો વારંવાર એકના એક શબ્દો દોહરાવવા લાગ્યા: ભૂરું, નીલું, નિર્મળ અને જાંબલી...

ભૂરી આંખોવાળી નાનકડી વાલ્યા એક તરફ શાંત ઊભી હતી.

“તું કેમ ચુપ છે, વાલ્યા?”

“આકાશ... બહુ હેતાળ છે...” વાલ્યાએ હળવેથી બોલતાં ઉદાસ મલકાટ કર્યો.

બાળકો શાંત થઈ ગયાં. પણ પછી તેમને અગાઉ જે નહોતું દેખાયું તે ઝબકારામાં દેખાઈ ગયું.

“આકાશ ઉદાસ છે...”

“આકાશ પરેશાન છે...”

“આકાશ શોકમાં ડૂબેલું છે...”

“આકાશ બહુ ઠંડું છે...”

આકાશ રમતું રહ્યું, કંપતું રહ્યું, અને જીવતા જીવની જેમ શ્વાસ લેતું રહ્યું, બાળકો શરદના રંગે રંગાયેલી તેની ઉદાસ ભૂરી-ભૂરી આંખોને નીરખતાં રહ્યાં.



હું ગડગડાટ કે વીજળીથી ડરતો નથી

જૂનનો ગરમ દિવસ હતો. પાંચમા ધોરણનાં બાળકો આખો દિવસ વનમાં ગાળવા નીકળી પડયાં.

વનમાં બહુ મોજ પડી. બાળકોએ રમતોની ગમ્મત માણી, મનગમતી ચોપડીઓ વાંચી, તાપણાની આગ વડે થૂલી રાંધી.

સાંજ પડવા આવી ત્યારે એકાએક ઝાડવાં પાછળથી કાળાં વાદળાં ઉપર ઘેરાઈ આવ્યાં, આકાશમાં ગડગડાટ થવા લાગ્યો. બાળકો વરસાદથી બચવા, છાપરી હેઠળ ભરવાડો પાસે ધસી ગયાં. નાનકડો વીત્યા પણ તેમની સાથે દોડી ગયો. એટલામાં અચાનક વીજળીનો ઝબકારો થયો અને વાદળોનો ગડગડાટ હવામાં ગુંજી ઊઠયો, તરત વીત્યા ધ્રૂજવા લાગ્યો અને ઓકના મોટા ઝાડ નીચે બેસી ગયો. તેણે આંખો મીચી દીધી અને રડી રડવા જેવો થઈ ગયો. તેણે મદદ માટે ચીસ પાડવા મોં ખોલ્યું એટલામાં ભેગી ભણતી વાલ્યાને નજીક ઊભેલી જોઈ.

"અરે, તું છો, વીત્યા?" તે બોલી ઊઠી. "સારું થયું કે હું એકલી નથી. હવે મને કોઈ જાતની બીક નથી લાગતી." વીત્યાએ ઊંડો શ્વાસ લીધો અને આસપાસ નજર નાખી. આખું વન મૂસળધાર વરસાદની પાણીમાં તરબોળ થઈ ગયું. વીજળીના ઝબકારા થઈ રહ્યા હતા, ઝાડવાં અને છોડવાઓમાં પળ વાર જાંબલી ઝળહળાટ ભરી દેતા હતા. વન ડોલતું હતું અને ઊંહકારા કરતું હતું. વીત્યાને લાગ્યું કે દુનિયામાં તે અને વાલ્યા સિવાય બીજું કોઈ છે જ નહિ. હવે તેને ડરવામાં બહુ શરમ આવી. ભેગી છોકરી હોય, અને તેની સંભાળ રાખવાની હોય, ત્યારે ડરાય તો નહિ જ.

"તું ડરતી નહીં, વાલ્યા! મને વીજળી કે ગડગડાટની જરાય બીક નથી લાગી." વીત્યા બોલ્યો.

વીત્યએ તેના ઊજવાળ ચોટલા ઉપર હળવેથી હાથ ફેરવ્યો. હવે તેને ખરેખર જરાય ડર નહોતો રહ્યો.



પેત્રિક કેમ રડી પડયો

મા નાનકડા પેત્રિકને ઘેર મૂકીને રોટીની દુકાને ગઈ.

પેત્રિક ઉઘાડી બારી પાસે ગયો. બારીની પાળ ઉપર ફૂલદાન રાખેલું હતું. તેની કિનારી ઉપર એક મોટું રંગબેરંગી પતંગિયું બેઠું હતું. પેત્રિકને પતંગિયું પકડી લેવાનું બહુ મન થયું. તેણે કોણીઓ બારીની પાળ ઉપર ટેકવી દીધી અને હાથ લંબાવીને ફૂલદાન ઉપર તરાપ મારી. ફૂલદાન નીચે પડીને ટુકડેટુકડા થઈ ગયું.

બિચારો પેત્રિક ગભરાઈ ગયો.

“થશે શું હવે? મા શું કહેશે?”

તેણે બધા ટુકડા ભેગા કરીને બગીચામાં લઈ ગયો અને નાનકડા પાવડા વડે ખાડો ખોદીને તેમાં દાટી દીધા. પછી તે બારી પાસે બેસીને માની વાટ જોવા લાગ્યો.

માએ બારણું ખોલ્યું કે તરત તેની પાસે દોડી જઈને તે બોલી ઊઠયો:

“મા, ફૂલદાન મેં નથી તોડી નાખ્યો, ટુકડા બહાર બગીચામાં લઈ જઈને અને નાનકડા પાવડા વડે ખાડો ખોદીને મેં નથી દાટી દીધા.”

તેને માની આંખોમાં આફતનાં એંધાણ નજરે પડયાં.

“તો પછી ફૂલદાન કોણે તોડી નાખ્યું?”

“પતંગિયાએ...” પેત્રિકે હળવા અવાજે જવાબ આપ્યો. મા હસી પડી.

“પતંગિયું ફૂલદાન તોડી નાખે એ તો સમજાય એવી વાત છે, પણ કેવી રીતે ટુકડા બગીચામાં લઈ જાય અને પાવડા વડે ખાડો ખોદીને દાટી દે?”

પેત્રિક માની સામે જોઈને રડી પડયો.



શું વધુ સારું?

એક નાની છોકરીને સવાલો પૂછવાનું બહુ ગમતું.

“વધુ સારું શું?” તે માને પૂછતી રહેતી. “સફરજન કે પેરફળ? ગુલાબ કે ગ્લેડિયોલાનું ફૂલ? દડો કે ઢીંગલી?”

મા ધીરજથી જવાબ આપતી પણ તેના મનમાં શંકા તો રહેતી જ. કેવી રીતે કહી શકાય કે દડા અને ઢીંગલીમાંથી કે ગુલાબ અને ગ્લેડિયોલામાંથી વધારે સારું શું હોય?

એક દિવસે નાની છોકરીએ પૂછયું: “મા, વધુ સારું શું, વાર્તા કે ગીત?”

“તું કહે જોઉં કે વધુ સારું શું, સૂરજ કે આકાશ?” મા બોલી. “એનો જવાબ આપે તો કહું કે વાર્તા અને ગીતમાંથી વધુ સારું શું.”

છોકરી લાંબા વખત સુધી બહુ વિચારતી રહી, પણ કંઈ વળ્યું નહીં. તેણે આકાશમાં નજર નાખી અને ચળકતા ગોળ સૂરજ તરફ જોયું. કહેવું અશક્ય હતું કે શું વધુ સારું, સૂરજ કે આકાશ. તેઓ બહુ સુંદર અને જુદાં ન પાડી શકાય એવાં હતાં.

એ દિવસથી નાની છોકરીએ પૂછવાનું મૂકી દીધું કે વધુ સારું શું. હવે તે જુદો સવાલ પૂછતી: વાર્તા કેમ સારી હોય છે? ગીત કેમ સારું હોય છે?

મા તેને રાજીખુશીથી જવાબ આપતી.

ફૂલ કે વરુનું મોં?

સિર્ગેઈકા અને મિકોલા નિશાળેથી પાછા ઘેર જઈ રહ્યા હતા. સિર્ગેઈકા ખુશમિજાજમાં હતો. તેણે પોતાની શિક્ષિકાના ત્રણેય સવાલોના સાચા જવાબ આપ્યા હતા અને સરસ માર્ક મેળવ્યા હતા.

પણ મિકોલા ઉદાસ અને દુખી હતો. તેને શિક્ષિકાએ બે વાર પાસે બોલાવીને સવાલો પૂછ્યા હતા. તેણે સવાલોના જવાબ બરાબર નહોતા આપ્યા. એટલે તેને ઓછા માર્ક મળ્યા હતા. અને શિક્ષિકાએ કહ્યું હતું: “તારી માને મળીશ ત્યારે ઓછા માર્કની વાત એને જણાવીશ.”

વસંતનો દિવસ હતો. હવામાં હૂંફ હતી. સૂરજ ચળકી રહ્યો હતો. ભૂરા આકાશમાં રૂ જેવું સફેદ વાદળું સરકી રહ્યું હતું. સિર્ગેઈકા વાદળાને તાકી રહેતો બોલ્યો.

“જો, મિકોલા, આ વાદળું કેવું સુંદર છે! એકદમ સફેદ ગુલાબ જેવું. જો, પાતળી અને નાજુક પાંખડીઓ કેવી રીતે ફેલાવે છે! પાંખડીઓ હવામાં કેવી રીતે ધીમેધીમે ફરકી રહી છે!”

મિકોલા કેટલીય વાર સુધી એકીટસે વાદળાને જોતો રહ્યો, પછી હળવા અવાજે બોલ્યો.

“મને તો નથી કોઈ પાંખડી દેખાતી કે નથી કોઈ ફૂલ દેખાતું. વાદળું વરુ જેવું છે. તને એક બાજુએ એનું માથું નથી દેખાતું? વરુ ખોફનાક જડબાં પહોળાં કરીને કોઈને ભરખી જવાની તૈયારીમાં છે.”

છોકરાઓ વાદળા તરફ જોતા રહ્યા. તેમના દરેકને તેમાં પોતાના મનની લાગણી મુજબનું કશુંક દેખાતું હતું.

બ્લૂબર્ડ કેમ રડે છે?

ગામને છેડે એક ઝૂંપડામાં કોઈ પતિપત્ની રહેતાં હતાં. તેમને બે બાળકો હતાં. દીકરો મિશા અને દીકરી ઓલ્યા. મિશા દસ વર્ષનો હતો અને ઓલ્યા હતી નવ વર્ષની.

ઘરની પાસે પોપલારનું ઊંચું ઘટાદાર ઝાડ હતું.

"ચાલો, ડાળીએ હીંચકો બાંધીએ," એક દિવસે મિશાએ કહ્યું.

"કેવી મઝા આવશે હીંચકા ખાવામાં" ઓલ્યા ખુશ થતી બોલી.

મિશાએ ઝાડ ઉપર ચડીને એક મજબૂત ડાળીએ દોરડું બાંધી દીધું.

મિશા અને ઓલ્યા હીંચકા ઉપર ઊભા રહીને ઝૂલવા લાગ્યાં.

બાળકો હીંચકા ખાતાં હતાં ત્યારે નાનકડું બ્લૂબર્ડ પંખી આનંદમાં ગાતું ગાતું તેમનાં માથાં ઉપર ઊડવા લાગ્યું.

મિશાએ બહેનને કહ્યું:

"આપણને ઝૂલતાં જોઈને બ્લૂબર્ડ પણ રાજી થઈ ગયું છે."

ઓલ્યાએ ઝાડના થડ ઉપર નજર ફેરવી તો ત્યાં એક નાનકડી બખોલ નજરે પડી. તેમાં ટચૂકડો માળો હતો. માળાની અંદર પંખીનાં કેટલાંક બચ્ચાં હતાં.

"ના, બ્લૂબર્ડ ખુશ નથી, રડે છે," ઓલ્યાએ કહ્યું.

"કેમ રડે છે?" મિશાએ અચરજમાં પૂછ્યું.

"વિચાર કર, કેમ રડે છે," ઓલ્યાએ જવાબમાં કહ્યું.

મિશા હીંચકેથી કૂદી પડ્યો, અને બ્લૂબર્ડના નાનકડા માળા તરફ નજર નાખીને વિચારવા લાગ્યો: કેમ રડતું હશે?



પોપલારનું અમર ઝાડ

એક રસ્તે પોપલારનું જરીપુરાણું ઝાડ હતું. શિયાળામાં તેની પાંદડાંવિનાની ડાળીઓ અવાજ કરવા લાગતી, અને વસંતમાં લીલાં પાંદડાં ફૂટી નીકળતાં. મને જ્યારથી યાદ છે ત્યારથી તે ચોકીદારની જેમ ત્યાં ખડું છે. હું માને પૂછું છું:

"આ પોપલારને કેટલાં વરસ થયાં? એને કોણે રોપેલું?"

"ખબર નથી," મા જવાબ આપે છે. "મને યાદ છે ત્યારથી પોપલાર આ રસ્તે કાયમ દેખાતું રહ્યું છે."

હું દાદાને પૂછું છું:

"દાદાજી, આ પોપલારને કેટલાં વરસ થયાં? એને કોણે રોપેલું?"

"મને યાદ નથી આવતું," દાદાજી જવાબ આપે છે. "તે હંમેશાં આ રસ્તે દેખાતું રહ્યું છે. વધતું જાય છે અને બધાંને ખુશ કરે છે. કોઈ સારા માણસે અહીંયાં રોપ્યું હશે. મને યાદ છે કે નાનો હતો ત્યારે એની નીચે રમતો. અને તારી મા સહેલીઓ ભેગી અહીંયાં વેણીઓ ગૂંથતી. અને હવે તું એના છાંયામાં રમે છે."

ખંતીલી કીડી

એક નાનકડી કાળી કીડી દોડી રહી હતી. ઉતાવળી ઘેર જતી હતી. બચ્ચા માટે પોપીનું ટચૂકડું બી લઈને જતી હતી. અચાનક જુએ છે તો રસ્તે કોળાનું બી પડયું હતું. સરસ મઝાનું, મોટું, ખુશબોદાર અને મીઠું. નાનકડી કીડીએ પોપીનું બી પડતું મૂકી દીધું અને કોળાનું બી પીઠે ચડાવી દીધું, પણ ત્યાં જાળવીને રાખી ન શકી. બી નીચે સરકી ગયું. કીડીએ ફરી તેને પીઠે ચડાવ્યું, પણ તે વળી નીચે સરકી ગયું. એવી રીતે તેણે કેટલીય વાર બી પીઠે ચડાવ્યું પણ તે નીચે ગબડતું ને સરકતું જ રહ્યું.

અચાનક કીડીને અવાજ સંભળાયો. કોઈ હળવું હસી રહ્યું હતું.

આસપાસ નજર ફેરવતાં તેને એક મોટી માખી રસ્તાની બાજુએ બેઠેલી દેખાઈ.

માખી બોલી: “તેં હજાર વાર બી ઊંચક્યું હશે. તું હજીય કંટાળી નથી? આ કામ તારાથી કોઈ રીતે થવાનું નથી. મહેનત રહેવા દઈને, બીને પડતું કેમ નથી મૂકી દેતી?”

કીડીએ જવાબ આપ્યો:

“કામને તો નાકામયાબીની હાલતમાં જ પડતું મુકાય.”

તેણે ફરી વાર બી ઊંચકવાની કોશિશ કરી, અને આ વખતે તેને પીઠે મક્કમ ગોઠવી દઈને ઘેર લઈ ગઈ. બી ક્યાંય પીઠેથી સરક્યું નહીં.

કીડી એવી ખંતીલી હોય છે.

મારી મા સહુથી રૂપાળી છે!

એક ઘુવડ મા હતી. તેનું બચ્ચું મોટું, ભૂખરી પાંખોવાળું ગોળ આંખોવાળું, અને પહોળા મોંવાળું હતું.

ઘુવડ રાતે જ ઊડે. ચળકતા તડકામાં તેને બીક લાગે. એટલે મા બચ્ચાને શિખામણ આપતી હતી:

"દિવસે બખોલમાંથી બહાર નીકળવું જ નહીં. તડકામાં આંખો અંજાઈ જશે. ઘેર પાછા ફરવાનો માર્ગ નહિ જડે."

ઘુવડનું બચ્ચું કહ્યું માને એવું નહોતું. તે માળામાંથી બહાર સરકી ગયું અને આંખો મીચીને ઊડતું બીડને પાર કરી ગયું. ત્યાં તેણે આંખો ખોલીને સૂરજ તરફ જોયું કે તરત આંધળું થઈ ગયું. ઘાસ ઉપર બેસીને તે હળવે હળવે રડવા લાગ્યું.

નજીકમાં ફરતો એક બગલો તેની પાસે આવ્યો અને તેણે પૂછ્યું:

"કોનું બચ્ચું છે તું?"

"હું ઘુવડનું બચ્ચું છું," તેણે જવાબ આપ્યો. "મારી મા ઘુવડ છે. મને કંઈ દેખાતું નથી. મને મારી મા પાસે પહોંચાડી દો."

"કેવી છે તારી મા?"

"મારી મા દુનિયામાં સહુથી રૂપાળી છે. એની આંખો બહુ માયાળુ, નરમાશભરી, અને હેતાળ છે. એવી આંખો બીજા કોઈને નથી, ફક્ત મારી માને જ છે."

આગ અને ચકલીનું બચ્ચું

ઘરડી ચકલીએ છેવટે નાનકડા બચ્ચાને માળામાંથી બહાર ઊડવાની મંજૂરી આપી. નાનકડું બચ્ચું પાંખો ફફડાવતું બધો વખત માને પૂછતું રહેતું: "આ શું છે?.. પેલું શું છે?"

માએ તેને સમજાવ્યું કે જમીન એટલે શું, ઘાસ અને ઝાડ અને મરઘી અને તળાવ એટલે શું.

ચકલીના બચ્ચાને અચાનક આકાશમાં મોટો જબ્બર સળગતો ગોળો નજરે પડતાં તેણે પૂછ્યું:

"આ શું છે?"

"સૂરજ," ચકલી માએ જવાબ આપ્યો.

"સૂરજ એટલે શું?" બચ્ચું વાતને વળગી રહ્યું.

"તારે જાણવાની શી જરૂર છે?" ઘરડી શાણી ચકલીએ કહ્યું, "એ તો આગ છે."

"મારે જાણવું છે કે આગ એટલે શું." કહેતું બચ્ચું આકાશમાં ઊડ્યું, સૂરજ તરફ વધારે ને વધારે ને ઊંચે ઊડવા ગયું. આખરે તે એટલું ઊંચે પહોંચી ગયું કે તેની પાંખોનાં ટચૂકડાં પીંછાં સળગવા લાગ્યાં. તે ગભરાઈને ઝડપથી પાછું નીચે સરકવા લાગ્યું. બિચારી માને એટલી બધી ફિકર થઈ, કે તે કંઈ બોલી જ ન શકી.

"હવે મને ખબર પડી કે આગ એટલે શું," ચકલીનું નાનકડું બચ્ચું બોલ્યું.

ગીત ગાતું પીછું

સ્નાઇપ પંખી (સારસ જેવું એક પક્ષી) કેટલું અદ્ભૂત છે. એ ગાય છે...અને તમને ખબર છે એ કેવી રીતે ગાય છે? એની પાંખોથી. એની પાંખમાં એક વિશેષ ગાતું પીછું હોય છે.
સ્નાઇપ ઉડતું હોય અને ગાવાનું મન થાય, તો એ એની પાંખો એવી રીતે ગોઠવે જેનાથી એનું ગાતું પીછું કંપન કરે અને ગીત વગાડે. એ એક તીણી, અનુપમ સીટી વગાડે, વાયોલિન ના સૌથી ઉપરના તાર પર ચાલતી ગજ જેવી, અથવા તો ઘાસ ની પાતળી પોલી સળીમાંથી પસાર થતા પવન જેવી.
પણ એક દિવસ દુર્દૈવી ઘટના ઘટી. સ્નાઇપે એનું ગાતું પીછું ખોયું. એ નીકળીને હવામાં તરતું જમીન પર પડયું. અને જયારે સ્નાઇપને ગાવાનું મન થયું ત્યારે ગાનારું પીછું ન હતું.
સ્નાઇપનું ગાતું પીછું એક નાના છોકરાને મળ્યું, જેનું નામ સરગેઇ હતું. એણે એને ઉપાડયું અને દોડતો ગયો, અને પીછું ગાવા લાગ્યું. જયારે સ્નાઈપે પોતાના પીછાંને ગાતું સાંભળ્યું, તો એ નાના છોકરા પાસે ઉડીને આવ્યું અને એને પાછું આપવા વિનંતી કરી.
'મારા ગીત વગર હું જીવી નહીં શકું,' એણે કહ્યું.
નવાઈ પામીને સરગેઇએ સ્નાઇપને એનું ગાનારું પીછું પાછું આપ્યું.
જે માણસ નાના સરગેઇમાં થી મોટો થયો એ ઘણા વર્ષો સુધી જીવ્યો. અને ઘણી વાર જયારે એને સ્નાઇપ યાદ આવ્યું, ત્યારે એણે આત્મમંથન કર્યું કે દરેક વ્યકિત પાસે પોતાનું ગાનારું પીછું છે. એ ખોવાઈ જાય એ કેટલા દુઃખ ની વાત છે.

В. Сухомлинский

ПОЮЩЕЕ ПЁРЫШКО

На английском языке

Перевод сделан по книге:
В. Сухомлинский. Поющее пёрышко.
М., «Детская литература». 1979 г.
Для младшего школьного возраста

Printed in the Union of Soviet Socialist Republics

С $\frac{4803010102-398}{031(01)-84}$ 040–84